# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/164 Dt. 01/10/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

**સુરતની ગ્રીન પહેલમાં નાનામાં નાનો શહેરીજન પણ પોતાનું યોગદાન આપે એટલે અમે આ ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ્સ લઈ આવ્યા છે, આપણે સૌ એમાં સહભાગી થઈને સુરતને વધુ આગળ વધારીએ : સુરતના મેયર શ્રી દક્ષેશ માવાણી**

**ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ્સનો હેતુ ફંડ કરતા વધારે લોકોને સુરત મનપા સાથે, તેની ગ્રીન પહેલ સાથે જોડવાનો છે, અમારો ઉદ્દેશ નાના નાના રોકાણકારોને પણ જોડવાનો છે : સુરત મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ**

**સુરતઃ** સુરત મહાનગરપાલિકા ૬ ઓકટોબર ૨૦૨૫થી ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ્સ બહાર પાડી રહ્યું છે ત્યારે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરસાણા ખાતે રોકાણકાર જાગૃતિ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બોન્ડ્સ બંને શેરબજારો પર લિસ્ટેડ, કરપાત્ર, રિડીમેબલ, સુરક્ષિત અને બિન–પરિવર્તનીય ડિબેન્ચર્સ હશે, જે કલાઇમેટ બોન્ડ્સ પહેલ હેઠળ પ્રમાણિત થશે.

સુરત મહાનગરપાલિકાના કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ (IAS)એ વિકાસની સાથે સસ્ટેનેબલ અને ગ્રીન એનર્જી ક્ષેત્રે સુરત મનપાએ મૂકેલા ભાર અને હાંસલ કરાયેલા લક્ષ્યાંકોની માહિતી આપતા જણાવ્યું હતું કે, સુરત શહેરને જે ૧૨–૧૩ એવોર્ડ્સ મળ્યા છે એ લોકોના છે અને લોકોને અર્પણ કરીએ છીએ. દેશનું અર્થતંત્ર સતત આગેકૂચ કરી રહ્યું છે અને આગામી સમયમાં દેશની ૮૫% જીડીપી શહેરોમાંથી આવશે. દેશની આર્થિક વ્યવસ્થામાં

શહેરો અને અર્બન પ્લાનિંગની મહત્વની ભૂમિકા રહેવાની છે. અર્બન પ્લાનિંગની બાબતમાં સુરતે દેશને એક ઉદાહરણ પૂરું પાડયું છે. વોટર રિસાઈકલ અને રિયુઝમાં પણ સુરત શહેર અને ટેક્ષ્ટાઈલ ક્ષેત્રએ ઉદાહરણ પૂરું પાડયું છે અને એનાથી સુરત મહાનગરપાલિકાને રૂપિયા ૧૪૦ કરોડની આવક થઈ છે. સોલર રૂફટોપમાં પણ સુરત સમગ્ર રાજ્યમાં અવ્વલ છે. સુરત બીઆરટીએસ કોરિડોરમાં ૧૦૦% ઈલેક્ટ્રિક બસો ચલાવનારું દેશનું પહેલું શહેર બન્યું છે.

તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને અર્બન ઈન્ફ્રાસ્ટકચર પર ભાર મૂકે છે. ૨૦૦ કરોડના ગ્રીન બોન્ડ એટલા માટે છે કે પર્યાવરણીય પ્રોજેકટમાં લોકોની ભાગીદારી થાય. પેપરવર્ક વધારે હોવા છતાં અમે ૧૫% રિટેલ રોકાણકારો સાથે આઈપીઓ રૂટ પસંદ કર્યો. આ રીતે મ્યુનિસિપલ બોન્ડસ માટે લોકો પાસે જવામાં પણ સુરત પહેલું છે. આનો હેતુ ફંડ કરતા વધારે લોકોને સુરત મનપા સાથે, તેની ગ્રીન પહેલ સાથે જોડવાનો છે. અમે લોકો સમક્ષ વિશ્વસનિયતા સાથે જઈ રહ્યા છીએ. બોન્ડની ૮%ની ઊપજ પણ આકર્ષક છે અને અમારો ઉદ્દેશ નાના નાના રોકાણકારોને પણ જોડવાનો છે. સુરતના લોકોને આ બોન્ડ સબ્સ્ક્રાઈબ કરવા તેમણે અપીલ કરી હતી.

આ પ્રસંગે સુરતના મેયર શ્રી દક્ષેશ માવાણીએ કહ્યું હતું કે સુરતનો સૂર્ય મધ્યાન્હે તપે છે. સુરતની ગ્રીન પહેલમાં નાનામાં નાનો શહેરીજન પણ પોતાનું યોગદાન આપે એટલે અમે આ ગ્રીન બોન્ડ લઈ આવ્યા છે, આપણે સૌ એમાં સહભાગી થઈને સુરતને વધુ આગળ વધારીએ.

સુરત મહાનગરપાલિકા દ્વારા પબ્લિક ઇસ્યુથી બહાર પાડવામાં આવનાર ગ્રીન બોન્ડ અંતર્ગત ઓફર ડોકયુમેન્ટનું ફાઇલીંગ સેબીમાં તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું છે તેમજ બોન્ડનું સબસ્ક્રીપ્શન તા. ૬ ઓકટોબરથી ૯ ઓકટોબર, ૨૦૨૫ દરમ્યાન કરવાનું રહેશે.

ચેમ્બરના સભ્યો સાથે ગ્રીન બોન્ડ સબસ્ક્રીપ્શન અને સુરત મહાનગરપાલિકાની ગ્રીન ઇનીશિએટિવ્સની સ્ટેટ લેવલ અને નેશનલ લેવલની વિવિધ કામગીરીઓ માટે માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલ, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, પૂર્વ પ્રમુખશ્રીઓ, ચેમ્બરના સભ્યો, ઉદ્યોગ સાહસિકો અને રોકાણકારો ઉપસ્થિત રહ્યા હતા.